**પ્રશ્ન: શું આપે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ કૃતિઓ અથવા નવતર પ્રવૃતિઓનું પ્રદર્શન ગોઠવેલ છે અથવા તે માટે શિક્ષકોને સહાય કરેલ છે? તે વિષે ટૂંકમાં જણાવો.**

તારણ: એસ .એમ.સી. સભ્યો દ્વારા શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ કૃતિઓ અથવા નવતર પ્રવૃતિઓનું પ્રદર્શન અથવા તે માટેશિક્ષકોને કરેલ સહાયની વિગત નીચે મુજબ છે:

- એસ.એમ.સી.સભ્યોશિક્ષકોનેશાળાના ડિસ્પ્લે બોર્ડ પર વિદ્યાર્થીઓની કૃતિઓ તેમજ કવિતા, ટુચકા, સુવિચારમુકીને તેમને પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે તેમજ સારા નમૂનાઓની ફાઈલ પણ બનાવવામાં આવે છે.
- શાળામાં વિજ્ઞાનમેળો ,બાળમેળો,ચિત્રસ્પર્ધા,નિબંધ સ્પર્ધા , પેપર કટિંગ, માટીકામ , તથા નવતર પ્રયોગો વગેરે વિવિધ સ્પર્ધાઓનું પ્રદર્શન એસ.એમ.સી. સભ્યોનીમદદથી ગોઠવેલ છે.વિદ્યાર્થીઓ તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કામ કરે છે.એસ.એમ.સી સભ્યો ,ગામના આગેવાનો તથા વાલીઓ અને નજીકની બીજી શાળાઓ આ પ્રદર્શન નિહાળવા ભાગ લે છે.
- એસ.એમ.સી.સભ્યોએબાળ આનંદ મેલા માટે ભૂકંપ, ગ્લોબલ વોર્મિંગ, હાઈડ્રો લિક પંપ , હૃદય મોડેલ વગેરેનું પ્રદર્શન શિક્ષકો સાથે મળીને ગોઠવ્યું હતું.
- શાળામાં ધોરણ-૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના વિષયના એકમ અનુરૂપ વિદ્યાર્થીઓદ્વારા બનાવેલ વિવિધ સર્જનાત્મક ટી.એલ.એમ નું શાળા કક્ષાએ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું જેમા શાળાના તમામ એસ.એમ.સી સભ્યોને શાળાના આચાર્યશ્રી સાથે આ પ્રદર્શન બતાવવામાં આવ્યુ. આ પ્રદર્શન એસ.એમ.સી સભ્યોએ ધ્યાનથી રસ પૂર્વક નિહાળ્યુ અને આ પ્રકારના જુદા જુદા અભ્યાસિક વિષયોને અનુરૂપ પ્રદર્શનો પણ શાળામાં ગોઠવાય તે માટેના સૂચનો એસ.એમ.સી સભ્યો દ્વારા કરવામાં આવ્યા.
- એસ.એમ.સી. સભ્યોએ શિક્ષકો સાથે મળીને જુલો બનાવ્યો છે જેમાં સર્કીટ ફીટ કરીને એવું નિર્માણ કર્યું છે કે જુલો ચાલે અને બોરમાંથી પાણી નીકળે.